Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-2, Continuous Issue-31, May - June 2025

# આત્મપીડામાંથી મુક્ત થવાની મથામણનું રસપ્રદ આલેખન

-દશરથ પરમાર

"ચાંદની" અને "આરામ"કાળથી વાર્તાઓ લખતા શ્રી. દીવાન ઠાકોર; આધુનિક અને અનુઆધુનિક – એમ બન્ને પ્રવાહોમાંથી પસાર થઈ, છેક જાન્યુઆરી–2006માં "પ્રવેશદ્વાર" નામના વાર્તાસંગ્રહ સાથે ગુજરાતી સાહિત્યસૃષ્ટિમાં પ્રવેશ્યા હતા. પોતાના સમકાલીન રચનાકારોથી નોખા પડવાની એમની મથામણ તે પછી પ્રગટ થયેલા અન્ય છ સંગ્રહોમાંથી પણ સ્પષ્ટપણે પામી શકાય છે. એ સંદર્ભે; 2019માં પ્રગટ થયેલા એમના "કડક મીઠી ચા" નામના વાર્તાસંગ્રહમાં સંગ્રહાયેલી, વિષય અને રચનારીતિની દ્રષ્ટિએ વિશિષ્ટ જણાતી વાર્તા "અનુબંધ"નો કૃતિલક્ષી આસ્વાદ કરાવવાનો અહીં ઉપક્રમ છે.

વાર્તામાં ઘટનાઓ ખૂબ જ ઓછી છે. હૉસ્પિટલના બિછાને પડેલો એક લકવાગ્રસ્ત પુરુષ અને એના દ્વારા કરાતા સ્વ-સંલાપની આસપાસ ફર્યા કરતી આ વાર્તાના કેન્દ્રમાં છે - કુંઠાગ્રસ્ત માનવી અને એનું સંકીર્ણ ભાવવિશ્વ. "એ એકલો હતો..." - વાર્તાનું આ પ્રથમ વાક્ય જ ખૂબ સૂચક છે. કોઈ એકાકી માણસની વાત હોવાનું ઈંગિત કરી, લેખક તરત જ ઉમેરે છે કે – "તેની સાથે જોડાયેલું એક નામ હતું વિશાખા". પરસ્પર વિરોધી આ બે વિધાનો એમ સૂચવતાં લાગે કે આસપાસનાં કશાંક બંધનોથી ઘેરાયેલો માણસ પણ અંતે તો કેટલો એકાકી હોય છે ! આ એ ક્ષણ છે; જ્યાંથી વાર્તાકાર, શૂન્યમનસ્ક બની પલંગ પર પડી રહેતા નયકના સંવેદનવિશ્વ સાથે ભાવકને જોડી આપે છે. નાયક એકાકી જરૂર છે, પણ સાવ નિરાશાવાદી નથી. એને ઊંડે-ઊંડે આશા છે કે મન તેને એકલો છોડી દેશે નહીં. એ ગમે ત્યાંથી રસ્તો શોધી કાઢશે. એના મગજમાં વિચારો ઘૂમરાયા કરે છે. હૉસ્પિટલ અને આસપાસનો પરિવેશ પણ એના આ એકાકીપણાને દૃઢીભૂત કરતો રહે છે. આવી સ્થિતિમાં એને થાય છે કે - ખુરશી સાથે વાત કરી શકાતી હોત તો કેટલું સારું !

કાચના દરવાજા, એના પર જામેલો ભેજ અને સંગીત પેદા કરતા કમોસમી વરસાદના પરિવેશમાં દેખાતી સામેના મકાનની બારીની અંદરના પીળા પ્રકાશથી ભરેલા ખાલી ઓરડામાંથી કશુંક શોધી રહેલી એની નજરે ચડે છે, એક સ્ત્રી. એનો ઉત્સાહ વધી પડે છે. અંદરનો ઉમળકો હાસ્ય દ્વારા હોઠની પહોળાઈમાં લપેટાવા લાગે છે. સામે ઊભેલી સ્ત્રીની પીઠ દેખાય છે. એનો ચહેરો જોવાની ધખના બળવત્તર બને છે. એ મનોમન ધારી લે છે કે સ્ત્રી સુંદર હશે. શારીરિક અર્થમાં જેવી હોય તેવી - કાળી, ગોરી કે પછી ઘઉંવર્ણી. પરંતુ, અન્ય રીતે જોતાં સ્ત્રી સુંદર જ હોય છે – એની આવી માન્યતાને, નજર સમક્ષ ઉપસી આવતાં વૃક્ષો, ફૂલો અને ઘાસનાં મેદાનો વગેરે તરફથી પણ સમર્થન સાંપડે છે.

સ્ત્રીને લાંબા, આકર્ષક વાળ ઓળતી જોઈ એક કાળે મુલાયમ વાળ ઓળવાનો અનેરો આનંદ મેળવતો નાયક પોતાના માથાઅ પર હાથ ફેરવતાં ટાલથી નિરાશ થઈ ઊઠે છે. પરંતુ એ ઝાઝી ટકતી નથી. કેમ કે એણે આ ક્લિનિકમાં દાખલ થયા પછી ઉદ્‌ભવેલી નૈરાશ્યની આવી ક્ષણોમાંથી આનંદ પ્રાપ્ત કરવાના આશયથી એક રમત શોધી કાઢી છે - વ્હીલચૅરમાં બેઠાં-બેઠાં બન્ને પગના ઢીંચણની ઢાંકણીઓ અથડાવવાની રમત. એનાથી ઝણઝણાટી ઉત્પન્ન થાય છે. સાથળના બધા સ્નાયુઓ હલબલી ઊઠે છે. અને છેક સાથળના મૂળ સુધી જાગતાં સ્પંદનોના માધ્યમથી ભૂતકાળની ક્ષણો જીવંત બનીને નજીક આવી ઊભી રહે છે.

આત્મછલનાની આવી ક્ષણોમાં એક બીજી રમત પણ એ રમી લેતો હોય છે – જાત સાથેના સંવાદની, પ્રશ્ન ઊભો કરવાની. અને જાતે જ એનો ઉત્તર વાળવાની. કહો કે; આત્મ-સંલાપ દ્વારા એક પ્રકારની સંવાદિતા રચવાની મથામણ. આ રમતમાં એકવાર એ પોતાના બાપુજીને પણ સંડોવે છે. સુંદર લાગતા નાયકને બાપુજી કહે છે કે, અરીસામાં વારંવાર જોવું નહીં. કેમ કે, એમ કરવાથી અરીસાની પણ નજર લાગી જતી હોય છે. બાપુજીના આ સંવાદમાંથી એમ સૂચવાય છે કે અરીસો એટલે આપણું મન. અને આપણી

નજર આપણને પણ લાગે કેમ કે આપણું શરીર નાશવંત છે. આ ફિલસૂફી દ્વારા લેખકે પ્રગટાવેલો આધ્યાત્મિક દૃષ્ટિકોણ સ્વયંસ્પષ્ટ છે.

સ્ત્રીને અવારનવાર જોતા નાયકને; એક સમયે એનામાં વિશાખા હોવાનો ભાસ થાય છે. આ અનુસંધાન અહીં દાખલ થયા પછી પ્રથમવાર એનામાં ખુશીની લાગણી જન્માવે છે. પરંતુ સહજભાવે આ તરફ જોઈ રહેલી સ્ત્રીને; સભાન બની અંદર ચાલી જતી જોઈ પીડાનો ભાવ અનુભવતા નાયકને થાય છે કે, સ્ત્રી શા માટે પુરૂષને પુરૂષ તરીકે જોતી નથી? અહીં કેવળ બાહ્ય કે દૈહિક આકર્ષણ નહીં, પરંતુ આંતરિક સૌંદર્યની વાતને બહુ સૂક્ષ્મ રીતે સ્થાપિત કરવામાં આવી છે.

ચાલી ગયેલી સ્ત્રી નાયકના મનનો કબજો લઈ લે છે. એને પાક્કો વિશ્વાસ છે કે સ્ત્રીને પણ એનું સ્ત્રી-મન નહીં જંપવા દે. એ પાછી આવશે જ. યંત્રવત્ પગની ઢાંકણીઓ અથડાવતા નાયકને વળી સંદેહ છે કે – સ્ત્રી બારી બંધ કરી દેશે તો..? પણ પાછો એનો માંહ્યલો (Inner Self); કહો કે એક પુરૂષની સ્ત્રી માટેની તીવ્ર ઝંખના, એને એમ માનવા પણ પ્રેરે છે કે, ના તે એમ નહી કરે. કારણ કે તે સ્ત્રી છે. બારી તરફ મીટ માંડીને કરેલી કલ્પનામાં જ એનું શરીર ધખી ઊઠે છે. ગરમીનો પ્રવાહ અનુભવાય છે – છેક પગના તળિયા સુધી રેલાતી ગરમી. અજાણ્યા, સુગંધી ફૂલોના વનપ્રદેશમાં એ પોતાને એકલો વિહરતો પણ જોઇ શકે છે. વરસાદનો અવાજ સાંભળી સ્વપ્નસ્ત્રાવની સ્થિતિમાંથી મુક્ત થયેલો નાયક જુએ છે તો સામે ઊભી છે - ગૌર ચહેરાવાળી વિશાખા. જોર કરીને એ અડધો ઊભો તો થઈ જાય છે. પરંતુ પ્રયાસ કરવા છતાં એ ચાલી શકતો નથી. ધબ્બ દઈને ખુરશીમાં પુન: બેસી પડે છે. અને વરવી વાસ્તવિકતા એને ઘેરી વળે છે.

એને ખબર છે - હવે રોજની જેમ, ડૉક્ટર અને સિસ્ટર આવશે. તેને ટેકો આપી ચલાવશે, માલીશ કરશે. પરંતુ આજે, અત્યારે એ નક્કી કરે છે કે, એ તાકી રહેશે – છતને. અને છતનું આકાશમાં પરિવર્તન કરવાના પ્રયત્નો કરશે. એને થાય છે કે પેલી સ્ત્રી હવે બારીમાં ઊભી હોય કે ન ઊભી હોય, પોતાની સામે તાકે કે ન તાકે. શો ફરક પડે છે..? ઘટના ન બને કે એનું પુનરાવર્તન ન થાય – એ પણ ઘટનાનું જ એક સ્વરૂપ છે ને..? મનોમન, આત્મપીડામાંથી મુક્ત થવા માટેનું સમાધાન પ્રાપ્ત કરી લેતા નાયકનું અહીં થયેલું આમૂલ કાયાન્તરણ (Transformation) ખાસ્સું રસપ્રદ બન્યું છે. એને અચાનક વાતો કરવાની તીવ્ર ઇચ્છા થાય છે - પેલી સ્ત્રી વિશે; વિશાખા વિશે, વરસાદ વિશે. અને એ બૂમ પાડી ઊઠે છે :

- "અરે..! કોઈ છે..? અહીં આવો.. મારી સાથે વાતો કરો.. હું ખૂબ ખુશ છું. મારે ખૂબ ખૂબ વાતો કરવી છે..!"

દરમ્યાન; વિશાખાનો ચહેરો દેખાઈને ક્ષણાંશમાં જ વિલીન થઈ જાય છે. વ્યકત થવાની એની ભીતરની આ છટપટાહટભરી ક્ષણોમાંથી છેવટે એને ઉગારે છે - સામે પડેલી એક ખુરશી. એ ખુરશી સાથે વાત શરૂ કરે છે. પૂછે છે કે, પહેલાં તું ક્યાં હતી? ખુરશીનો ઉત્તર છે કે, પહેલાં એક ગોદામમાં, તે પહેલાં વૃક્ષ અને એક દિવસ એ વૃક્ષના કટકા, એનાં પાટિયાં અને અંતે મારો આ નવો જન્મ - ખુરશી રૂપે.

હવે ? : નાયકના એ પ્રશ્નના ઉત્તરમાં ખુરશી જણાવે છે કે, હૉસ્પિટલમાં રહેવાનું કોને ગમે? પણ તમારી સાથે વાતો કરીને બહુ બધા દિવસો પછી મને આજે ખુશી થાય છે. ખુરશીનો આવો વિધાયક અભિગમ નાયકને પણ જીવન પ્રત્યેની હકારાત્મકતા તરફ દોરી જવાનું આલંબન બને છે. પોતાને વ્યકત કરવા માટે એને આસપાસમાંથી જ ઘણાં માધ્યમો મળી જાય છે. અને ધોધમાર વરસતા વરસાદમાં બારી, દરવાજો, દીવાલો, પલંગ, છત, અરીસો - વગેરે સાથે ઐક્ય અનુભવતો એ મોડે સુધી એમની સાથે વાર્તાલાપ કરતો રહે છે.

આમ; વાર્તારંભે, ખુરશી સાથે વાત કરી શકાતી હોત તો કેટલું સારું - એમ વિચારતો નાયક, અંતે એ જ ખુરશી સાથે સંવાદની ભૂમિકા રચી, પોતામાં ઠરીઠામ થઈ એક અલૌકિક અનુબંધ રચતો જોવા મળે છે. હોસ્પિટલના અણગમતા પરિવેશથી આરંભાયેલી અને સ્થૂળ રીતે બિમાર; બાકી મનથી અને વિચારોથી સક્ષમ, કહો કે મનદુરસ્ત વાર્તા-નાયકનું અંતે સ્થૂળ તત્વોમાંથી થયેલું વિઘટન અને પ્રકૃતિનાં સૂક્ષ્મ તત્વોમાં થતું વિગલન – આ બન્ને વાનાં પ્રભાવક અસર જન્માવી વાર્તાને એક વિશેષ પરિમાણ બક્ષે છે. હૉસ્પિટલનો ઓરડો અને એની આસપાસનો પરિવેશ પણ વાર્તામાં તાણા-વાણાની જેમ ગૂંથાતો આવે છે; જે નાયકની પીડાને વ્યક્ત કરવામાં ઉદ્દીપક બને છે. અહીં વરસાદ જીવનને સંગીતમય ગતિ અર્પે છે. જેમ કમોસમી વરસાદ બહાર વરસે છે તેમ આપણી અંદર પણ વરસતો હોય છે. સવાલ છે આપણી નિયતિનો કે - આપણને ભીંજાવા માટે મહદ્અંશે બહારનો વરસાદ જ મળે છે.

સ્થૂળ રૂપે આપણી સમક્ષ આવતાં - કમોસમી વરસાદ, ખાલી ઓરડો, ડોલતું પૅન્ડોલા, બિલ્ડીંગ, અરીસામાં જોઈ માથું ઓળતી સ્ત્રી, વિશાખા વગેરે સજીવ-નિર્જીવ પાત્રો અને પરિસ્થિતિઓ પણ વાસ્તવમાં તો નાયકના મનના જ ખેલ છે. ટૂંકમાં, લકવાગ્રસ્ત પુરૂષના નર્યા સંલાપની લાગતી આ વાર્તા, સ્થૂળ અને સૂક્ષ્મ રીતે વિસંવાદિતાથી પીડાઈ રહેલા આધુનિક મનુષ્યને એની આત્મપીડામાંથી મુક્ત થવાનો માર્ગ પણ ચીંધે છે. તો ક્યારેક એમ પણ સૂચવતી લાગે કે પ્રકૃતિનાં મૂળભૂત તત્વોથી વિમુખ થઇ, પોતાની ઓળખ ગુમાવી બેસેલા મનુષ્યને, અંતે તો તજ્જન્ય સમસ્યાઓમાંથી એ તત્વો સાથેનું પુન:સંધાન જ ઉગારી શકે તેમ છે. લેખકે નાયકનું લૌકિક નામાભિધાન કરીને વાર્તા માંડી હોત તો એની પીડા કદાચ વૈયક્તિક બનીને રહી જવાની સંભાવના હતી, પરંતુ એમ ન કરીને એમણે એકાકી મનુષ્યની વેદનાનો વૈશ્વિક સંદર્ભ પણ રચી આપ્યો છે.

દીવાન ઠાકોરની અન્ય રચનાઓમાંથી પસાર થઈ ચૂકેલા ભાવકોને એમની ચિર-પરિચિત દીવાન-શૈલીનો સ્વાદ અહીં પણ માણવા મળશે. શાબ્દિક કરકસરયુક્ત ટૂંકાં વાક્યોનો વિનિયોગ અને તદનુસાર પાત્રવિધાન – એવી સંરચના દ્વારા ભાવભૂમિ ઊભી કરવાનું કૌશલ્ય એમણે આ વાર્તામાં પણ દાખવ્યું છે. વર્ણનો અને વિવિધ પ્રતીકો દ્વારા બાહ્ય જગતમાં અને નાયકના મનોગત દ્વારા એના આંતરિક જગતમાં – એમ બે સ્તરે ચાલતો વાર્તાપ્રવાહ; તાટસ્થ્યપૂર્ણ આલેખનને લીધે, ક્યાંય અવરુદ્ધ થતો અનુભવાતો નથી.

વેદાન્તમાં દર્શાવાયું છે કે અનુબંધ એટલે - વિષય, પ્રયોજન, અધિકારી ને સંબંધ – એ ચારનો સમૂહ. આનંદની વાત એ છે કે આવી એકાધિક અર્થચ્છાયાઓ ધરાવતા અનુબંધની પ્રતીતિ આપણને આ રચનામાંથી પણ મળી રહે છે. સ્વ-સર્જિત ચક્રવ્યૂહમાંથી છૂટવાની મનુષ્યની મથામણનું રસપ્રદ ચિત્ર રજૂ કરતી આ અને આવી અન્ય રચનાઓ થકી દીવાન ઠાકોરને ગુજરાતી વાર્તાજગતમાં એક વિશિષ્ટ વાર્તાકાર તરીકેનું સ્થાન પ્રાપ્ત થયું છે. આપણને એમની પાસેથી આવી અન્ય રચનાઓની અપેક્ષા રહે છે – તે પણ આ જ કારણસર.

( સંદર્ભ : "કડક મીઠી ચા" ( વાર્તા સંગ્રહ ), લે. દીવાન ઠાકોર, અમોલ પ્રકાશન, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ, 2019. )

---

દશરથ પરમાર,
6, પુષ્પકુંજ સોસાયટી, ગુરૂકુળ હાઈસ્કૂલ સામે, કાંસા રોડ,
કાંસા એન.એ. વિસ્તાર, વિસનગર – 384 315 (ઉ.ગુજરાત).
મોબાઈલ: 94274 59305. 76984 00233
e-Mail Id: dashrath.parmar02@gmail.com